**વડીલોને વંદન**

**અભિનંદન**



મહેન્દ્રકુમાર એમ. પરીખ
(૧૯૫૦) ફોન: ૨૩૨૩૦૯૧૧

## સે-૭ 'જ' ટાઈપ વિસ્તારમાં ગટર ઉભરાતા રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા.૧૯

શહેરનાં સેકટર-૭માં 'જ' ટાઈપના સરકારી આવાસ વિસ્તારમાં અવારનવાર ગટરના દુષિત પાણીથી અસહ્ય દુર્ગંધ મારતા રહીશો પરેશાન થઈ ગયા છે. આ મામલે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં પણ ઉકેલ આવ્યો નથી.


સેકટર-૭ 'જ' ટાઈપ મકાનોમાં સરકારી સ્કુલની સામે આવેલા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવવાના બનાવો બનતા જ રહે છે. ગટરના ગંદા પાણીથી સ્થાનિક રહીશોના આરોગ્ય સામે ખતરો ઉભો થવા પામ્યો છે. સેકટર-૭ની ઈન્કવાયરી ઓફીસમાં અનેકવાર રજુઆત કરવા છતાં પણ નકકર પગલા ભરવામાં આવતા નથી. આ મામલે યોગ્ય કાર્યવાહી થાય તેમજ સ્થાનિક રહીશો ઈચ્છી રહ્યા છે.

## નાયી સમાજનો રજત જયંતિ મહોત્સવ ૨૬મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

નાની છાસઠ નાયી સમાજ દ્વારા તા. ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ને શનિવારે સવારે ૯.૩૦ કલાકે નાના છાસઠ નાયી સમાજની બક્ષી છાત્રાલય, આંબલિયાસણ તા. જિ. મહેસાણા ખાતે રજત જયંતિ મહોત્સવ ઉજવાશે.

સમાજના રજત જયંતિ મહોત્સવ પ્રસંગે ત્રિદર્શિય કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે પૂજ્ય આત્મારામભાઈ ડૉ. સર્માના સ્મૃતિ ગ્રંથનું વિમોચન, આંબલીયાસણ છાત્રાલય ખાતે નવીન ભોજનાલય સ્ટોરરૂમનું ઉદ્ઘાટન અને શ્રીમતી જીવીબેન એજ્યુકેશન ટ્રસ્ટના લાભાર્થે લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મુંબઈના દામુભાઈ આત્મારામભાઈ શર્મા ખાસ હાજર રહેશે.



શનિવાર રાજ્યમાં કોન્વોકેશન ડે બની રહ્યો હતો જેમાં એક જ દિવસે રાજ્યની ત્રણ યુનિવર્સિટીઓના પદવીદાન સમારંભ યોજાયો હતો. જેમાં ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલલો યુનિવર્સિટી અને ધીરુભાઈ અંબાણી

ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન અને કોમ્પ્યુનિકેશન ટેકનોલોજી ખાતે વિદ્યાર્થીઓના પદવીદાન સમારોહ યોજ્યો હતો. જેમાં વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.

# ગાંધીનગરમાં રીક્ષાના પૈડા ફરતા થયા બીજા દિવસે હડતાલ પડી ભાંગી

## યુનિટીના અભાવે હડતાલ સમેટાઈ ગઈ હોવાનો સૂર

ગાંધીનગર, તા. ૧૯

સી.એન.જી. ભાવવધારા સામે ગાંધીનગર ઓટો રીક્ષા એસોસિએશને જારી કરેલા ૭૨ કલાક રીક્ષાબંધનું એલાન બીજા દિવસે વિખેરાઈ ગયું હતું. આ મામલે રીક્ષાચાલકોમાં યુનિટી ન હોવાનો સૂર ઉઠી રહ્યો છે. પ્રથમ દિવસે જડબેસલાક બંધ પાળ્યા બાદ આજે શહેરના માર્ગો પર પેસેન્જરોને લઈ દોડતી રીક્ષાઓ જોવા મળી હતી.

સી.એન.જી. ગેસમાં રૂ. ૭.૧૫ ના ભાવવધારાથી સમગ્ર રાજ્યના રીક્ષા યુનિયનોમાં વિરોધનો વંટોળ ઉભા થવા પામ્યો છે. જ્યારે ભાવવધારા સામે રીક્ષાયુનિયનો દ્વારા ૭૨ કલાકની હડતાળનું એલાન જાહેર કર્યુ હતું. રીક્ષાબંધના આ એલાનના પગલે અમદાવાદ સહીત ગાંધીનગરમાં પણ ઓટોરીક્ષા એસોસિએશન દ્વારા રીક્ષાબંધ પાળવાની જાહેરાત કરી હતી જેમાં શહેરના ૩ હજારથી વધુ રીક્ષાચાલકો જોડાયા હતા. ૭૨ કલાકની આ હડતાળના પ્રથમ દિવસે રીક્ષાચાલકોએ જડબેસલાક બંધ પાળતા શહેરના જનજીવન ઉપર પણ રીક્ષાબંધની અસર જોવા મળી હતી. માર્ગો પર દોડતી રીક્ષાઓના પૈડા અચાનક થંભી જતા નાગરિકોએ પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત સ્કૂલ વર્ધીના વાહનો પણ હડતાળમાં જોડાતા વહેલી સવારે ઠંડીનો સામનો કરી વાલીઓને શાળાએ પહોંચવાનો વારો આવ્યો હતો. રીક્ષાબંધની હડતાળના પ્રારંભે જ વાહન વ્યવહાર મંત્રી નીતિન પટેલે લઘુત્તમ ભાડામાં રૂ. ૧ નો વધારો અમલી બનાવવાની જાહેરાત કર્યા બાદ પણ રીક્ષા યુનિયનોએ આ વધારો મંજૂર ન હોવાનો સૂર ઉઠાવ્યો હતો. અમદાવાદ સહિતના શહેરોમાં રીક્ષા યુનિયનોની હડતાળ ચાલુ રાખવાનો મક્કમ નિર્ણય વ્યક્ત કરાયો છે. ત્યારે આજે ગાંધીનગરમાં રીક્ષાચાલકોએ આ હડતાળ સમેટી લીધી હોવાનું ધ્યાને આવ્યું છે.

આજે સવારથી શહેરના માર્ગો પર પેસેન્જરો ભરીને જતી રીક્ષાઓ નજરે પડતી હતી. જો કે હડતાળ ટકાવી રાખવા રીક્ષાચાલકોમાં યુનિટીનો અભાવ હોવાનો સૂર પણ એસોસિએશનના સૂત્રોએ ઉદ્ભવ્યો છે.

### સોમવારે ઓટોરીક્ષા એસો.ની બેઠક યોજાશે

સી.એન.જી.ના ભાવ વધારા સામે હડતાળ પર ઉતરેલા રીક્ષાચાલકો રીક્ષાબંધનું એલાન પાળી શક્યા ન હતા. પ્રથમ દિવસે જડબેસલાક રીક્ષાબંધ પાળ્યા બાદ આજે સવારથી જ શહેરના માર્ગો પર રીક્ષાઓ દોડતી થઈ ગઈ હતી. આ મામલે ઓટો રીક્ષા એસોસિશનના પ્રમુખ નવીનચંદ્ર વાણંદે જણાવ્યું હતું કે રીક્ષા ચાલકોના સંગઠનને મજબૂત બનાવવા તેમજ નવી દીશા આપવા આગામી સોમવારે બપોરે ૨ વાગે સે. ૨૨ રંગમંચ પાસેના મેદાનમાં યુનિયનની બેઠક યોજવામાં આવશે.

## કાતિલ ઠંડી વચ્ચે પણ લગ્નસરાની મૌસમ નિખરી

### સેકટરોમાં બેન્ડવાજા, બારાતનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૯

સમગ્ર રાજયમાં કાતિલ ઠંડી વચ્ચે પણ લગ્નસરાની મૌસમ નિખરી છે. ગાંધીનગરમાં પણ ઠંડીનો કહેર વધ્યો છે ત્યારે ઠંડીની મૌસમ સાથે સેકટરોમાં લગ્ન સમારંભોની ઝાકમઝોળ જોવા મળે છે.

કમુર્તાએ વિદાય લેતા આક્રમક ઠંડીના આગમનની સાથે લગ્નસરાની સિઝન પણ નિખરી છે. અસહ્ય ઠંડીના ચમકારા વચ્ચે પણ ઠેર ઠેર લગ્ન મહોત્સવના માંડવા રોપાયેલા જોવા મળે છે. લગ્નસરાની સિઝનમાં ઠંડી ઉગ્ર બનતા લગ્નપ્રસંગના આયોજકો પણ મુંઝવણમાં મુકાયા છે. સેકટરોમાં ઠેર ઠેર બેન્ડ વાજા અને બારાતના દ્રશ્યો જોવા મળે છે. પરંતુ કોલ્ડવેવના લીધે લગ્ન મહાલવા આવતા મહેમાનોની મજા પણ ફીકી પડી ગઈ છે. રાત્રિના ઠંડીથી બચવા લગ્નમંડપ આસપાસ પણ તાપણીની બેઠક જામે છે. જયારે રાત્રિના સમયે સંગીત સંધ્યા કે ગરબાનું આયોજન હોય તેવા કિસ્સામાં પણ ઠંડીની અસરના લીધે મહેમાનોની પાંખી હાજરી વર્તાય છે. કમુર્તા ઉતર્યા બાદ લગ્નપ્રસંગે ઉત્સુક નિમંત્રકો ઠંડીના ચોઘડીયાથી તોબા પોકારી ગયા છે.

# ઓફીસના પી.ઓ.પી.માં ટોયલેટનો ગેસ ભરાઈ જતાં તિવ્ર બ્લાસ્ટ થયો હોવાની શક્યતા

ગાંધીનગર, તા. ૧૯

**ઓફીસમાં એ.સી.ને પગલે બ્લાસ્ટ થયો હોવાની પ્રાથમિક શક્યતા બનાવસ્થળે સ્થિત એ.સી.ને દેખતા માની શકાય તેમ નથી. જે તિવ્રતાથી આખુય ઈન્ફોસીટી હચમચી ઉઠ્યું હતું અને આસપાસની ઓફીસના પણ બારી-બારણાના કાચ ફોડી નાંખ્યા હતા તેવો આ બ્લાસ્ટ હતો. બનાવ સ્થળે એ.સી.નું પાંખીયું જ ઉડીને એક તરફ પડ્યું હતું. એ.સી. તેમનું તેમ દિવાલે સ્થિત હતું. જો એ.સી. ફાટ્યું હોત તો આ તિવ્રતાને દેખતા એ.સી.નો એક ટુકડો પણ ન મળે તેવો બ્લાસ્ટ હતો.**

**આ પ્રચંડ ધડાકો ઓફીસના પી.ઓ.પી.માં ગેસનું પ્રેશર આવતા થયો હોવાનું લાગી આવે છે. બ્લાસ્ટ બાદ પી.ઓ.પી. તથા તેના ક્લેમ્પના ફુરચે ફુરચા ઉડી ગયા હતા અને પંખાના પાંખીયા પણ સાવ વળી ગયા હતા. જેથી પી.ઓ.પી. તરફથી પ્રેશર આવીને બ્લાસ્ટ થયુ હોવાનું માની શકાય.**

**ઘટના સ્થળનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં ઓફીસમાં પ્રવેશતા જ ડાબી બાજુ ખુણામાં એક નાનકડુ ટોયલેટ હતુ. આ ટોયલેટની ઉપર પી.ઓ.પી. હોવાથી ટોયલેટનો બધોજ બાયોગેસ પી.ઓ.પી.ની અંદર પ્રવેસતો હોય તેમ બની શકે. ધીમે ધીમે ટોયલેટનો ગેસ પી.ઓ.પી.માં પ્રેશરથી ભરાઈ જતાં તડાતુડ હાઈ પ્રેશર ગેસ એક ઝાટકે પ્રચંડ ધડાકા સ્વરૂપે બહાર આવ્યો હોય તેવી શક્યતા છે. જેથી ઓફીસના પી.ઓ.પી.માં ટોયલેટનો ગેસ ફુલ પ્રેશરથી ભરાઈ જતાં હાઈ ઈન્ટેન્સીટી બ્લાસ્ટ થયો હોય તેવી પ્રબળ શક્યતા છે. જો કે ચોક્કસ કારણ તો એફએસએલના રીપોર્ટ બાદ બહાર આવશે.**

### ભેદી ધડાકો

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

થયો તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. સે. ૭ પોલીસે એફ.એસ.એલ.ની ટીમની મદદથી બ્લાસ્ટનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે ઉલ્લેખનીય છે કે ઓફીસમાંથી કોઈ સંદિગ્ધ કે સ્ફોટક પદાર્થ મળી આવ્યો નથી. પ્રાથમિક તપાસમાં એ.સી.માં બ્લાસ્ટ થયો હોવાનું તંત્ર જણાવી રહ્યું છે. જો કે ધડાકાની તિવ્રતા અને એ.સી.ની સ્થિતિ દેખતા તે વાત ગળે ઉતરે તેમ નથી. જો કે ચોક્કસ કારણ એફ.અસ.એલ.ના રીપોર્ટ બાદ બહાર આવશે.

ગાંધીનગર શહેરનાં ઈન્ફોસીટી ખાતે સુપરમોલ-૧ કોમર્શીયલ કોમ્પલેક્ષમાં ત્રીજા માળે સ્થિત ક્વીલ ઈલેક્ટ્રો પા.લી. નામની ઓફીસ આવેલી છે. જેમાં આજે બપોરના સુમારે સે. ૨-બી પ્લોટ નં. ૧૪૫૦/૨માં રહેતા ૨૬ વર્ષિય ભાવીક નિકુલભાઈ શુકલ અને સે. ૨૭ પ્લોટ નં. ૫૮૧માં રહેતા મારૂલ હસમુખભાઈ જાવીયા બન્ને ઓફીસના ડાયરેક્ટર્સ તેમના સે. ૨૬માં રહેતા મિત્ર ચિરાગ દશરથભાઈ મોદી સાથે ઓફીસમાં બેઠા હતા. દરમ્યાન તેમના બે ક્લાયન્ટ જામનગરનાં ૪૭ વર્ષિય મનસુખભાઈ ભીખાભાઈ મેર અને સે. ૩-સી પ્લોટ નં. ૬૮૩/૧માં રહેતા મરસીભાઈ રામાભાઈ અડોદરા ઓફીસમાં આવ્યા હતા. પાંચેય વચ્ચે વાતચીત ચાલી રહી હતી તે દરમ્યાન બપોરે સવા એક વાગ્યાના અરસામાં એકાએક આ ઓફીસમાં પ્રચંડ અવાજ સાથે ભેદી બ્લાસ્ટ થવા પામ્યો હતો. આ ધડાકાનો અવાજ એટલો પ્રચંડ હતો કે ઈન્ફોસીટીની તમામ ઓફીસ હલબલી ઉઠી હતી. ભેદી ધડાકાના પગલે રીતસરની દોડધામ મચી જવા પામી હતી તે દરમ્યાન સુપરમોલ-૧ની સીડીમાંથી સળગતી હાલતમાં પાંચ વ્યક્તિઓ દોડતા-દોડતા બહાર નિકળ્યા. જે ઓફીસમાં બે ડાયરેક્ટર્સ અને બે ક્લાયન્ટ સહિત પાંચ વ્યક્તિઓ બેઠા હતા તે જ ઓફીસમાં બ્લાસ્ટ થતા પાંચેય જણાં ગંભીર રીતે દાઝી ગયા હતા અને કપડાં સળગી રહ્યા હતા. તે ઉપરાંત ધડાકાથી ફુટેલા કાચ તુટીને શરીર પર વેગપૂર્વક ઘુસી જતાં લોહીલુહાણ હાલતમાં હતાં. ઈજાગ્રસ્ત પાંચેયને બચાવી લેવા ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી લેવામાં આવી હતી અને બ્લાસ્ટની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સને આવતા મોડુ થતાં સેવાભાવી એક દુકાનદારે તેની ખાનગી ગાડીમાં પાંચેય ઈજાગ્રસ્તોને બેસાડીને સળગેલા કપડા ઉતારી દઈ તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. પાંચ પૈકી ત્રણની હાલત ગંભીર હતી. જેને પગલે પાચંયની ગાંધીનગર સિવિલથી અમદાવાદની સ્ટર્લીન હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા છે. જો કે સદ્ભાગ્યે હાલ પાંચેયની તબીયત સુધારા પર છે. બીજી તરફ પ્રચંડ ભેદી ધડાકો કેવી રીતે થયો તે શોધવા જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલ સહિત ડીવાયએસપી ડી.એસ. પટેલ, પી.આઈ. એ.એમ. પરમાર કાફલા સાથે પહોંચી ગયા હતા. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડ પણ બબ્બે ફાયર ફાઈટર સાથે તેમની ટીમ લઈને ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ સહિત ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. જો કે ઓફીસમાંથી કે આસપાસના વિસ્તારમાંથી કોઈ સંદિગ્ધ કે સ્ફોટક પદાર્થ કે તેના અંશ પણ મળી આવ્યા નથી. જેવી રીતે બ્લાસ્ટ થયો તેમાં પોલીસ પણ ગુંચવાઈ છે. પ્રાથમિક તપાસમાં એ.સી.માં બ્લાસ્ટ થયો હોવાનું કારણ ધરી દેવામાં આવ્યું છે. જો કે ધડાકો એવો પ્રચંડ હતો કે ઈન્ફોસીટી વિસ્તાર હલબલી ઉઠ્યો હતો અને ઓફીસના દરવાજા-બારીઓ પી.ઓ.પી. સહિત તમામ કાચમાં તુટફુટ થઈ ગઈ હતી. તે ઉપરાંત પી.ઓ.પી.ના સ્ટીલના ક્લેમ્પ પણ ઉછળીને બારીની બહાર નીકળી ગયા હતા. સામેના ફ્લેટની બારીના કાચ ઉપરાંત ત્રીજા માળની મોટા ભાગની ઓફીસની બારી અને દરવાજાના કાચ તુટી જવા પામ્યા હતા. આટલો પ્રચંડ ધડાકો એ.સી.માં બ્લાસ્ટથી શક્યનથી. સ્થળ તપાસમાં એ.સી.નું પાંખીયુ જ તુટેલુ જોવા મળ્યું હતું. જો એ.સી. બ્લાસ્ટ થયું હોય અને તેની તિવ્રતા આટલી સખત હોય તો એ.સી.નો એક ટુકડો પણ મળી આવવો મુશ્કેલ છે તેથી એ.સી.થી બ્લાસ્ટ થયો હોવાનું માની શકાય તેમ નથી. જિલ્લા પોલીસે ધડાકાનું સ્પષ્ટ અને ચોક્કસ કારણ બહાર લાવવા એફ.એસ.એલ.ને બોલાવી લીધી હતી. જરૂરી નમુના લઈને એફ.એસ.એલ.ની ટીમે વૈજ્ઞાનિક ઢબે કારણ શોધવા પ્રયત્નો શરૂ કર્યા છે.

### ટ્રાફિક નિયમન માટે

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અમલીકરણ થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો. ખાસ કરીને જ રોડ તેમજ ૭ નંબરના રોડ અને સેકટરોમાંથી મુખ્ય માર્ગોને જોડતા માર્ગો પર વધુ સ્પીડબ્રેકરો મુકવામાં આવે અને સ્પીડ બ્રેકરો માટે આર એન્ડ બી તેમજ પોલીસ વિભાગ સંકલનમાં રહી આ કામગીરી કરે તેવું જિલ્લા કલેકટરશ્રીએ સૂચન કર્યું હતું.

આ બેઠકમાં રેતી ચોરીના વધતા જતા બનાવોને નાથવા માટે ભૂસ્તરતંત્ર અને પોલીસ તંત્રને સંયુકત રીતે એક અલાયદો સ્કવોર્ડ રચી તપાસ સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. આ બેઠકમાં ઈન્દ્રોડા, શાહપુર સહિત નદી પરના ગામોમાં થઈ રહેલી બેરોકટોક રેતી-ચોરીની પ્રવૃત્તિને નાથવા માટે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

આ બેઠકમાં ઈન્દ્રોડા નજીક સંત સરોવરના તુટી ગયેલા સ્ટ્રકચરને દૂર કરવાની ચાલી રહેલી કામગીરીમાં ગ્રામજનો દ્વારા થતા અંતરાયને લઈ પણ ચર્ચાઓ થઈ હતી. પાટનગર યોજના, ભૂસ્તરતંત્ર તેમજ પોલીસ દ્વારા આ અંગે પગલાં લેવામાં આવે તેમ જણાવી કલેકટરશ્રીએ આ મુદ્દે ગ્રામજનો સાથે બેઠક અથવા ગ્રામસભાનું આયોજન કરવા માટે પણ પ્રાંત અધિકારીને જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે.

આજની બેઠકમાં પેથાપુર નગરપાલિકાની પેટા ચૂંટણી તેમજ માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને ૧૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે ખાસ એકશન પ્લાન તૈયાર કરવા પણ જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું. આ ચૂંટણીમાં સ્થાનિક પોલીસને મદદરૂપ થવા એસ. આર. પી.ની કેટલી જરૂરિયાત રહેશે તે અંગે પણ દરખાસ્ત તૈયાર કરવા માટે પણ કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

### ગાંધીનગર ઠંડુગાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આજે એકાએક જ લઘુત્તમ તાપમાનમાં ૬ ડીગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે જેના પરીણામે આજે ન્યૂનતમ તાપમાન ૭.૨ ડીગ્રીએ પહોંચી ગયું હતું.


શિયાળાની સીઝનનો આજે સૌથી ઠંડો દિવસ રહેતા નગરજનો કોલ્ડવેવથી ઠુંઠવાયા હતા. છેલ્લા બે દિવસથી પવનની ગતિ પણ તેજ બનતા ઠંડા પવનના લીધે નગરજનોએ દિવસ દરમિયાન પણ આકરી ઠંડીનો અહેસાસ કર્યો હતો. સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ ઠંડીના કહેરનો ભોગ બન્યા હતા. શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી પર પણ ઠંડની અસર જોવા મળી હતી. અસહ્ય ઠંડીના લીધે નગરજનો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે પડયા હતા. જયારે ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓની હાલત પણ કફોડી બની હતી. ઠંડીથી રક્ષણ મેળવવા નાગરિકોએ તાપણીનો સહારો લીધો હતો. હાડ થિજાવતી ઠંડીના લીધે વહેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓ પણ અદશ્ય થઈ ગયા હતા. સાંજ ઢળતા જ કોલ્ડવેવની અસરથી નગરના માર્ગો પર સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. શહેરનું જનજીવન કાતિલ ઠંડીથી પ્રભાવિત થયેલું જોવા મળે છે. ચાર દિવસ પૂર્વે ઠંડીએ જાણ વિદાય લીધી હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી જયારે બે દિવસ દરમિયાન ઠંડીની મૌસમ કાતિલ બનતા નગરજનોએ ઠંડી ઉડાડવા ઘરમાં હીટર ચાલુ કરવાની ફરજ પડી છે. હવામાન વિભાગના તજજ્ઞોના જણાવ્યા મુજબ હજુ બે દિવસ કાતિલ ઠંડીની અસર વર્તાશે.

### પ્રમાણપત્ર અંગેનો ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી નહિ હોવાનું જણાવતાં હોસ્પિટલના સૂત્રોમાંથી એવી હકીકતો જાણવા મળી છે કે ટીમના અધિકારીઓ ગાંધીનગરમાં આવ્યા હતા અને માત્રને માત્ર આ ઔપચારિક મુલાકાત હતી તેને અને ઈન્સ્પેકશન સાથે કોઈ સંબંધ નથી. જો કે એન.એ.બી.એચ.ના પ્રમાણપત્રને લઈ ત્રણ મહિનાથી પણ વધુ સમયનો વિલંબ થયો હોઈ આ અંગે અનેકવિધ તર્કવિતર્ક તબીબી વર્તુળોમાં વ્યકત થઈ રહ્યા છે.

સિવીલ હોસ્પિટલના સત્તાવાળાઓ એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મેળવવામાં વિલંબ થયો છે પણ તેમાં કોઈ શંકા રાખવાની જરૂર નથી પ્રમાણપત્ર મળશે જ તેવો વિશ્વાસ ધરાવે છે. રાજયમાં પ્રથમ સરકારી સિવીલ હોસ્પિટલ ગાંધીનગરે એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મેળવ્યું હતું. તેની મુદતમાં વધારો કરવાના મુદ્દે એન.એ.બી.એચ.ના અધિકારીઓ વધુ અપેક્ષાઓ ગુણવત્તાના સંદર્ભમાં રાખે તે સ્વાભાવિક હોય એવી દલીલ કરી હોસ્પિટલના સૂત્રો જણાવે છે કે ઉત્તમ ગુણવત્તાસભર સેવાઓ હોસ્પિટલમાં અપાય છે અને ૯૦ ટકા સુધી દર્દીના સચોટ ઉપચારને કારણે તેની સફળતાનો આંક ઉંચો છે.

## શબ્દાવલી - ૪૯૫૬



**આડી ચાવી**

૧. મહેનત (૪)
૪. પૈસા જેમ-તેમ વેડફનાર (૩)
૬. સીલક, આંકડા (૩)
૮. કાગડા ભેગા થઈ... કરે (૪)
૯. અવઢવ, મૂંઝવણ (૫)
૧૧. મિત્રતા, દોસ્તી (૨)
૧૨. ઘંટડી વગાડતી ઘડિયાળ (૪)
૧૫. પહેરવેશ (૪)
૧૭. પાણીનું ઉપરનું નીચેની તરફ વેગથી પડવું (૨)
૧૮. લોકઈ, મરણ પાછળ કરાતો શોક (૫)

**ઊભી ચાવી**

૧. રાજા વિક્રમાદિત્યને... ની વિદ્યા સિધ્ધ હતી (૩)
૨. બિમાર માણસ ધીરે ધીરે સાજુ થાય તેને અંગ્રેજીમાં... થતી કહેવાય (૪)
(૩) મજૂરી (૨)
૫. અજવાળુ, પ્રકાશ (૩)
૭. લાકડાની નાની કરચ (૨)
૯. ઈચ્છા, આકાંક્ષા (૪)
૧૦. ચેતન નહિ તેવું (૨)
૧૨. ઘરેણાં (૪)
૧૩. મોજ, આનંદ (૨)
૧૪. જેમ ફાવે તેમ... (૪)
૧૬. ઝોલા ખાવા, ... ખાવા (૨)

### શબ્દાવલી ૪૯૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) કબજીયાત (૪) પગ (૬) વાર (૭) અરજ (૯) મારો (૧૦) કાર (૧૧) શરણાર્થી (૧૨) હમામ (૧૪) ડીઝલ (૧૬) દાદાગીરી (૧૭) રૂવાબ (૧૮) ખોઇ (૧૯) પરીચય

**ઊભી ચાવી :-** (૧) કમળકાકડી (૨) જીવાત (૩) યાર (૪) પરમાર્થી (૫) ગજરો (૮) કરમદા (૧૧) શમા (૧૨) હલવાઈ (૧૩) પરિણય (૧૫) ઝરૂખો

**GUJARAT WATER INFRASTRUCTURE LIMITED**
Jal Sewa Bhavan, 3rd Floor, Opp. Wasmo, Sector-10, Gandhinagar
**SHORT TENDER NOTICE NO. 1/2013**

Tender is invited for providing xerox machine on hire basis from local firms having own Xerox machine of latest model on annual base contract in sealed by RPAD only.
The sealed cover shall be sent GWIL within 7 days of this notice.

| Sr. No. | Item | Unit |
|---|---|---|
| 1 | A4 Size (Without Paper) | 1 Copy |
| 2 | Legal Size (without Paper) | 1 Copy |
| 3 | A 3 Size (without Paper) | 1 Copy |

Paper, electricity & man power required to operate Xerox machine shall be provided by the GWIL.
**Note :** only selected firm has to deposit Rs. 10,000/- as security Deposit in the favour of GWIL which shall be returned after the completion of contract.
INF/2054/12-13

**ટચૂકડી જાહેર ખબર**

**મેનેજર જોઈએ છે**

ગાંધીનગરમાં રહેતા ૪૦ થી ૪૫ વર્ષ, આજુબાજુની ઉંમરના, ટુ-વ્હીલર ધરાવતા, રોજબરોજની નાણાંકીય લેવડદેવડ તેમજ તેના હિસાબો સંભાળી શકે તેવા, જૈન ટ્રસ્ટના અનુભવી કોમ્પ્યુટરના જાણકાર મેનેજરની તાત્કાલિક જરૂરિયાત છે. વિગતો તથા પુરાવા સાથેની અરજી જૈન સંઘની પેઢી, ૧૭-૨૨ દેરાસર, સેક્ટર-૨૨ ખાતે ટપાલથી અથવા રૂબરૂ મોડામાં મોડી તા. ૨૮-૧-૨૦૧૩ સુધીમાં મોકલવા વિનંતી છે.

**શેડ ભાડે આપવાનો છે**

ઈલેક્ટ્રોનિક જી.આઈ.ડી.સી.માં મધુર ડેરી પાસે, ૬૫૦ વારના પ્લોટમાં શેડ ભાડે આપવાનો છે.

**સંપર્ક :**
મો. : ૯૧૭૩૬ ૭૩૬૧૨